# શું આપણે મધ્યયુગ તરફ પાછા જઈ રહ્યા છીએ?

**એક જમાનામાં બી.બી.સી. પરથી આજ કી બાત નામનો કાર્યક્રમ આપીને લોકપ્રિય થયેલા રત્નાકર ભારતીયની મૂળ અટક તો અગ્રવાલ હતી, પણ એમણે રાષ્ટ્રભાવનાથી પ્રેરાઈને જ્ઞાતિની અટક બદલીને ભારતીય કરી નાખી. આજે ઊંધું બને છે. લોકો ફરી જ્ઞાતિની અટક રાખવા માંડ્યા છે.**



આપણે આઝાદી મેળવી ત્યારે દેશમાં કોમ, જાતિ, જ્ઞાતિ અને પ્રદેશના વાડાથી મુક્ત એક નવો સમાજ રચવાનું સપનું આપણા નેતાઓએ સેવ્યું હતું. ગાંધી તો એવો સમાજ ઇચ્છતા હતા જ્યાં અસ્પૃશ્યતા ન હોય અને માણસની ઓળખ એની કોમ કે જ્ઞાતિના આધારે નહીં પણ એના વ્યક્તિગત નિષ્ઠા અને ગુણવત્તાને આધારે થાય.

ાણ આપણું એ સપનું ચકનાચૂર થયું અને સમાનતાના આધારે સમાજ રચવાને બદલે આપણા સમાજમાં અડધી સદી પછી વધુ ભાગલા પડ્યા અને આપણે વધુ વિભાજિત થયા છીએ, એ હકીકત દુઃખ સાથે સ્વીકારવી પડે છે. આમ પણ આપણી જ્ઞાતિપ્રથા સમગ્ર વિશ્વમાં અજોડ છે અને ચોકઠાબદ્ધ છે, એવો મત તો વિશ્વના મોટાભાગના સમાજશાસ્ત્રીઓ આપતા જ હતા. હવે એ જ્ઞાતિપ્રથા પણ આટલા વર્ષ પછી નબળી પડવાને બદલે વધુ મજબૂત બની હોય એમ જણાય છે.

આઝાદી પછીના એકાદ દાયકા સુધી અલબત્ત, એમ લાગતું હતું કે જવાહર અને સરદાર જેવા ઊંચા ગજાના નેતાઓના પ્રભાવ હેઠળ પ્રજા ધીમેધીમે આ બધી સંકુચિત વાડાબંધીમાંથી મુક્ત બનીને બહાર આવી છે અને લોકો નવા જમાનાનાં મૂલ્યોને અપનાવી રહ્યાં છે. પણ, એ બધું માંડ એક દોઢ દાયકો ચાલ્યું. ગાંધી, સરદાર અને નહેરુ જેવા નેતાઓની વિદાય થઈ અને વામણી નેતાગીરી દિલ્હીમાં કાર્યરત થઈ, એ પછી સતત આપણા સામાજિક મૂલ્યો નીચે ઊતરતાં ગયાં અને આજે તો એ લગભગ તળિયે જઈને બેઠાં છે.

દેશમાં ધીમેધીમે શહેરીકરણ થઈ રહ્યું હતું અને મોટાં શહેરોમાં જાતજાતના નવા વ્યવસાયો અને નોકરીમાં લાગતી નવી પેઢી નાનાં ગામો અને નાનાં શહેરોનાં મૂલ્યો છોડીને મોટાં શહેરોની સંસ્કૃતિ અપનાવવા લાગી હતી. પરિણામે એક જ સંકુલમાં જુદીજુદી જ્ઞાતિના અને ધર્મના લોકો સાથે રહેવા માંડ્યા અને અગાઉના ભેદભાવ ભૂંસાતા ગયા.

પણ સંકુચિત રાજકારણીઓએ ફરીથી આ જૂના ભેદભાવો જીવંત કર્યા અને એનો પ્રારંભ ચૂંટણીપ્રથાથી કર્યો. ૧૯૫૦-૬૦ના અરસા સુધી આપણે ત્યાં હિંદુ વિસ્તારમાંથી બિનહિંદુ ખેડૂત ઉમેદવાર પણ પોતાની લાયકાતને આધારે ચૂંટણી જીતી શકતો હતો. પણ ઈંદિરા ગાંધીના સત્તારોહણ સાથે કોંગ્રેસમાં ભાગલા પડ્યા અને પરિણામે કોઈપણ ભોગે બહુમતી ટકાવી રાખવાની મેલી રાજરમત શરૂ થઈ. એ પછી તો ચૂંટણીમાં કોમ કે જ્ઞાતિને આધારે મત લાવી શકે એવા જ ઉમેદવારોને મૂકવાની હલકટ પ્રથા શરૂ થઈ અને આજે તો એવી સ્થિતિ છે કે, કોઈ ઉમેદવાર ગમે તેવો ગુણવત્તાવાળો, નિષ્ઠાવાન અને વહીવટનો અનુભવી હોય પણ એ જો ચોક્કસ કોમ કે જ્ઞાતિનો ન હોય તો કોઈ રાજકીય પક્ષ એને ચૂંટણી લડવાની ટિકિટ જ ન આપે અને આપે તો એ ઉમેદવારને માટે ચૂંટણી જીતવાનું ભારે મુશ્કેલ બની જાય. મહાત્મા ગાંધીને જો આજે ચૂંટણી લડવી હોય તો મોઢ વણિકની બહુમતી હોય એવા વિસ્તારમાંથી જ ચૂંટણી લડવી પડે. પટેલોની બહુમતી ન હોય એવા વિસ્તારમાંથી સરદાર પટેલ ચૂંટણી લડે તો પણ કદાચ હારી જાય. આમ લોકશાહીના પાયા જેવી ચૂંટણીને જ આપણે જ્ઞાતિવાદના રંગે રંગી નાખી અને આમ જ્ઞાતિવાદનો રાક્ષસ લગભગ નિષ્પ્રાણ થઈ ગયો હતો, એ પૂરી તાકાતથી ઊભો થઈ ગયો.

એકવાર રાજકીય તખ્તા પર જ્ઞાતિવાદ ફરીથી દઢીભૂત થઈ ગયો પછી બીજાં ક્ષેત્રોમાં એનો પગપેસારો થાય જ. આપણે ત્યાં છેલ્લા ઘણા સમયથી શિક્ષણનું ક્ષેત્ર એ રાજકારણમાં પગદંડો જમાવવાની સીડી જેવું ક્ષેત્ર બની ગયું છે. પરિણામે એમાં પણ જ્ઞાતિવાદ પેસી ગયો. આઝાદી પહેલાં આપણે ત્યાં જુદીજુદી જ્ઞાતિઓની બોર્ડિંગો ગામેગામ અસ્તિત્વમાં હતી. આઝાદી પછી તો આખેઆખી શાળાઓ અને કોલેજો પણ જ્ઞાતિઓની ખૂલવા લાગી. અલબત્ત, કોલેજ પર એ મતલબનું પાટિયું લાગ્યું ન હોય પણ બધા જાણતા હોય કે આ કોલેજ ફલાણી જ્ઞાતિની છે અને એમાં અધ્યાપકની નોકરી મેળવવા માટે પણ એ જ્ઞાતિમાં જન્મ લેવો જરૂરી છે. આમ ધીમેધીમે શિક્ષણનું ક્ષેત્ર પણ જ્ઞાતિવાદના ઝેરથી પ્રદૂષિત થતું ગયું. અને છતાં એ કોલેજ કે શાળામાં પણ રાષ્ટ્રીય એકતા દિન ઉજવાય, બિનસાંપ્રદાયિકતાના ગુણ ગવાય અને જાતજાતનો દંભ આચરવામાં આવે.

આઝાદી પછીનાં થોડા વર્ષ સુધી જે નવાં મૂલ્યોની આબોહવા ચાલી એમાં કેટલીક સુખદ ઘટનાઓ પણ બની જતી. આણંદમાં ડાહ્યાભાઈ નામના એક અગ્રણી રહેતા હતા. એ કણબી હતા અને એમની અટક પટેલ હતી. પણ જ્ઞાતિવાદી ઓળખ કાઢી નાખવા માટે એમણે પટેલ અટક બદલીને પોતાનું નામ ડાહ્યાભાઈ નાગરિક કરી નાખ્યું હતું. એમણે પોતાની ક્રાંતિકારી વિચારધારા, સમજાવવા માટે સાંસ્કૃતિક ક્રાંતિ નામનું પુસ્તક પણ લખ્યું છે. પણ અફસોસ એ વાતનો છે કે આવા ઉદ્દામવાદી અને ઉદારમતવાદી લોકોની મહેનત એળે ગઈ અને આપણે ફરી પાછા જ્ઞાતિ અને જાતિના વાડામાં પુરાઈ ગયા છીએ. એક જમાનામાં બી.બી.સી. પરથી આજ કી બાત નામનો કાર્યક્રમ આપીને લોકપ્રિય થયેલા રત્નાકર ભારતીયની મૂળ અટક તો અગ્રવાલ હતી પણ એમણે રાષ્ટ્રભાવનાથી પ્રેરાઈને જ્ઞાતિની અટક બદલીને ભારતીય કરી નાખી. આજે એનાથી ઊંધું બને છે અને લોકો જૂની અટક કાઢીને જ્ઞાતિની અટક લગાવવા માંડ્યા છે.

જ્ઞાતિવાદને મજબૂત બનાવવામાં બીજો મોટો ફાળો અનામત પ્રથાએ આપ્યો છે. આઝાદી સમયે હરિજનો અને વિચરતી જાતિઓને થયેલા અન્યાયના નિવારણ માટે ૧૦ વર્ષ માટે આ બે વર્ગો પૂરતી અનામત પ્રથા સ્વીકારવામાં આવી હતી. આની પાછળ પણ ન્યાયપૂર્ણ સમાજ રચવાનો ખ્યાલ હતો. પણ ધીમેધીમે આ અનામત પ્રથા કાયમી બની ગઈ. એટલું જ નહીં, એમાં અન્ય પછાત વર્ગોનો ઉમેરો થતો જ ગયો. પરિણામે, દેશના બંધારણની ૧૪ અને ૧૫ કલમમાં અપનાવેલી ન્યાય અને સમાનતાની જોગવાઈ માત્ર કાગળ પર જ રહી. પરિણામે હવે ફરી આપણે સોળમી સદી તરફ અથવા કહો કે મધ્યયુગ તરફ પાછા વળી રહ્યા હોય એવો માહોલ સર્જાયો છે.

(યાસીન દલાલના પુસ્તક 'વિચારપ્રવાહ'માંથી)